# 7 શબ્દકોશનો ઉપયોગ અને જોડણી

કોઈ શબ્દની સાચી જોડણી જાણવી હોય કે તેનો અર્થ જાણવો હોય તો શબ્દકોશનો ઉપયોગ કરવો પડે છે.

શબ્દકોશમાંથી શબ્દ શોધવા માટે શબ્દોનો કોશક્રમ જાણવો જરૂરી છે. શબ્દોનો કોશક્રમ નક્કી કરવા માટેના કેટલાક માર્ગદર્શક નિયમો છે :

## શબ્દકોશમાં શબ્દોનો ક્રમ નક્કી કરવાના નિયમો

( 1 ) શબ્દોને પ્રથમ બારાક્ષરીના ક્રમમાં અને પછી કક્કાવારી પ્રમાણે ગોઠવવામાં આવે છે.

**બારાક્ષરીનો ક્રમ :**

અ, અં, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ

**કક્કાનો ક્રમ :**

ક, ખ, ગ, ઘ, ચ, છ, જ, ઝ, ટ, ઠ, ડ, ઢ, ત, થ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ, ય, ર, લ, વ, શ, ષ, સ, હ

( 2 ) શબ્દકોશમાં સૌથી પહેલાં 'અ'થી શરૂ થતા અને છેલ્લે 'હ'થી શરૂ થતા શબ્દો આવે છે.

* 'ઙ્', 'ઞ્', 'ણ' અને 'ળ'થી શરૂ થતા શબ્દો ન હોવાથી તેનો શબ્દકોશમાં સમાવેશ થતો નથી.

* 'ક્ષ' એ 'ક્' અને 'ષ'નો જોડાક્ષર હોવાથી 'ક્ષ'થી શરૂ થતા શબ્દો 'ક'ની શ્રેણીમાં આવે છે.

* 'જ્ઞ' એ 'જ્' અને 'ઞ'નો જોડાક્ષર હોવાથી 'જ્ઞ'થી શરૂ થતા શબ્દો 'જ'ની શ્રેણીમાં આવે છે.

( 3 ) 'ક'થી 'હ' સુધી અક્ષરોને બારાક્ષરીના ક્રમમાં ગોઠવાય છે.

દા. ત., **'ક'નો ક્રમ :** ક, કં, કા, કાં, કિ, કિં, કી, કીં, કુ, કું, કૂ, કૂં, કૃ, કે, કે, કેં, કૈ, કૈં, કો, કૉ, કોં, કૌ, કૌં, ક, કં ...

( 4 ) શબ્દોનો પ્રથમ અક્ષર સમાન હોય તો બીજા અક્ષર પ્રમાણે અને બીજો અક્ષર સમાન હોય તો ત્રીજા અક્ષર પ્રમાણે એમ શબ્દોનો ક્રમ આગળ વધે છે.

દા. ત., 'વિભાજક' અને 'વિભાજન'માં 'વિભાજ' સમાન છે. ચોથા અક્ષરમાં 'ન' કરતાં 'ક' આગળ આવે. તેથી શબ્દકોશમાં 'વિભાજક' શબ્દ પછી 'વિભાજન' શબ્દ આવે.

(5) જે-તે અક્ષરની બારાખડીનો ક્રમ પૂરો થતાં જોડાક્ષરોનો ક્રમ શરૂ થાય છે. તેમાં જોડનાર અક્ષરોનો ક્રમ પણ કક્કાવારી પ્રમાણેનો હોય છે.

જેમ કે, 'સ્ફોટક' શબ્દ પછી 'સ્મરણીય' શબ્દ આવે.

(6) 'ઍ' અને 'ઑ' જેવા સ્વરોનો કોશક્રમ 'એ' અને 'ઓ' પ્રમાણે જ નક્કી થાય છે.

આપેલા શબ્દોને કોશક્રમ પ્રમાણે ગોઠવવા :

**નીચેના શબ્દોને કોશક્રમ પ્રમાણે ગોઠવો :**

કાવ્ય, બાળક, સ્વજન, ધરણી, અંકુર, મધુર, આકાશ, દીવાલ, દુશ્મન, કિલ્લો.

**(1) પહેલાં બારાખડીના ક્રમમાં આવતા શબ્દો આવે :**

અંકુર, આકાશ.

**(2) પછી કક્કાવારીના ક્રમમાં આવતા શબ્દો આવે :**

કાવ્ય, કિલ્લો, દીવાલ, દુશ્મન, ધરણી, બાળક, મધુર, સ્વજન.

**(3) હવે બધા જ શબ્દોની કોશક્રમ પ્રમાણે ગોઠવણ નીચે પ્રમાણે થશે :**

અંકુર, આકાશ, કાવ્ય, કિલ્લો, દીવાલ, દુશ્મન, ધરણી, બાળક, મધુર, સ્વજન.

## સ્વાધ્યાય

**1. નીચેનાં શબ્દજોડકાં જુઓ, તેમાં શબ્દકોશના ક્રમ પ્રમાણે જે શબ્દ પહેલો આવે તેની નીચે લીટી દોરો :**

(1) બાઈ – પવન (2) દિલ – દિશા (3) પ્રભુ – પ્રેમ
(4) કાવ્ય – ગાન (5) શક્તિ – શિસ્ત (6) અડપલું – અટકળ
(7) ઉત્કર્ષ – ઉન્નત (8) જનક – મિનિટ (9) પાતાળ – વિશ્વાસ
(10) ખેત – દૂધ (11) ક્ષમા – ખેતર (12) ડુંગર – ડર
(13) સ્મિત – શિસ્ત (14) ફૂલ – છોડ (15) નિવૃત્ત – ઉન્નત

**2. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :**

(1) માહિતી, સંસ્કૃતિ, સમિતિ, ફારસી, જ્ઞાન, અદ્ભુત, ઇસ્લામ, મજબૂત.
(2) ટપાલ, ટેલિવિઝન, ઈ-મેઇલ, મોબાઇલ, દૂત, અખબાર, કબૂતર.
(3) જલેબી, પૃથ્વી, પ્રૌઢ, અહિંસા, ભીખ, ભવિષ્ય.
(4) શિક્ષક, શક્તિ, શબ્દ, શિખર, શિસ્ત, શુભ.
(5) નિર્ણય, નિરર્થક, નિમિત્ત, નિશાળ, નિસ્બત, નિયમિત.

# સંયોજક

વ્યાખ્યા:- પદ (શબ્દ), પદો, પદસમૂહ, વાક્યો કે વાક્યખંડોને જોડવાનું કામ કરતા પદને 'સંયોજક' કહે છે.

* સંયોજકના શબ્દો:-
અને, માટે, તેથી, અથવા, છતા, પણ, પરંતુ, કારણ કે, કે, તેમજ, જો-તો, જ્યારે, ત્યારે, વગેરે

* નીચે આપેલા વાક્યો માંથી સંયોજક શોધો:

1.) બાળકે જીદ કરી તેથી મમ્મીએ તેને રમકડાં અપાવ્યાં.
સંયોજક :- તેથી

2.) મમ્મીએ રાજાને વાંચવા કહ્યું છતાંપણ તેણે વાંચ્યું નહી.
સંયોજક:- છતાંપણ

3.) ટેબલ પર પેન, પેન્સિલ અને રબ્બર છે.
સંયોજક:- અને

4.) રાજાએ હેતલને બોર આપ્યાં પણ એણે એ બોર ન ખાધાં.
સંયોજક:- પણ

5.) રાજાએ સિપાહીને હુકમ કર્યો કે પકડી લાવો પેલા ચોરને.
સંયોજક :- કે

6.) મને ગાજર ભાવે છે પણ બીટ ભાવતું નથી.
સંયોજક:- પણ

નીચેના વિષયો પર *પંદર-વીસ* વાક્યોમાં નિબંધ લખો :

## 1. વર્ષાઋતુ

ગ્રીષ્મઋતુ વિદાય થતાં વર્ષાઋતુનું આગમન થાય છે.

આકાશમાં કાળાં કાળાં વાદળો છવાઈ જાય છે. વાદળાંના ગડગડાટ, વીજળીના ચમકારા અને પવનના સુસવાટા સાથે મેઘરાજાની સવારી આવી પહોંચે છે. મુશળધાર વરસાદ તૂટી પડે છે. ચારે બાજુ પાણી પાણી થઈ જાય છે. લોકો ખુશખુશાલ થઈ જાય છે. બાળકો પાણીમાં છબછબિયાં કરવા માટે ઘરની બહાર દોડી જાય છે. મોર કળા કરીને નાચે છે. દેડકાં 'ડ્રાંઉં... ડ્રાંઉં...' કરી વર્ષાનું સ્વાગત કરે છે. ચારે બાજુ ભીની માટીની સુગંધ ફેલાઈ જાય છે. વૃક્ષો વરસાદમાં નાહીને સ્વચ્છ થઈ જાય છે. કેટલાક લોકો છત્રી ઓઢીને કે રેઇનકોટ પહેરીને ફરવા નીકળે છે. વાતાવરણમાં નવી તાજગી અને નવો ઉમંગ જોવા મળે છે. નીચાણવાળાં સ્થળે પાણી ભરાઈ જતાં વાહનો ખોટવાઈ પડે છે. વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઈ જાય છે.

વરસાદ થતાં ખેડૂતો રાજી થઈ જાય છે. તેઓ ખેતર ખેડે છે અને વાવણી શરૂ કરે છે. થોડા દિવસોમાં ખેતરોમાં અનાજ ઊગી નીકળે છે. ચોમેર લીલુંછમ ઘાસ ઊગી નીકળતાં ધરતીમાતાએ લીલી સાડી પહેરી હોય એવું લાગે છે. કૂવા, તળાવ, નદી અને નાળાંમાં વરસાદનું નવું પાણી આવે છે.

ઘણી વાર એકધારો સતત વરસાદ પડે છે. તેને 'અતિવૃષ્ટિ' કહે છે. અતિવૃષ્ટિથી નદી-નાળાં છલકાઈ જાય છે. ખેતરોમાંનો પાક ધોવાઈ જાય છે. કેટલાંય ઘર અને ઢોરઢાંખર પાણીમાં તણાઈ જાય છે. તેને 'લીલો દુકાળ' કહે છે. ઘણી વાર વરસાદ સાવ ઓછો પડે છે. અનાજ પાકતું નથી. ઘાસ ઊગતું નથી. તેને 'સૂકો દુકાળ' કે 'અનાવૃષ્ટિ' કહે છે.

વર્ષાઋતુમાં અનેક તહેવારો આવે છે. રક્ષાબંધન, નાગપાંચમ, શીતળા સાતમ, જન્માષ્ટમી, ગણેશચતુર્થી, નવરાત્રિ, દિવાળી, પર્યુષણ જેવા વર્ષાઋતુના વિશિષ્ટ તહેવારો છે. લોકો આનંદ અને ઉલ્લાસથી આ તહેવારો ઊજવે છે.

વર્ષાઋતુ પ્રાણીમાત્રના જીવનનો આધાર છે. તેથી તેનું ઘણું મહત્ત્વ છે. વર્ષાઋતુ 'ઋતુઓની રાણી' કહેવાય છે.

## 2. દિવાળી

# 5. માતૃપ્રેમ

મા તે મા બીજા બધા વગડાના વા.

મા બાળક માટે સર્વસ્વ છે. તે બાળકને જન્મ આપે છે અને તેનું જીવની જેમ લાલનપાલન કરે છે. તે બાળકને નવડાવે, ખવડાવે અને તેને જરૂરી વસ્તુઓ લાવી આપે છે. મા બાળકને ફરવા લઈ જાય છે. બાળકમાં સારી ટેવો પડે તેની તે કાળજી રાખે છે. મા બાળકને સારી સારી વાર્તાઓ કહે છે અને તેને સંસ્કારી બનાવે છે. બાળક માંદું પડે ત્યારે મા ઘણી ચિંતા કરે છે. તે રાતદિવસના ઉજાગરા વેઠીને બાળકની સેવા કરે છે.

બાળક તોફાન કરે, માને પજવે, કોઈ વસ્તુ માટે જીદ કરે ત્યારે મા તેને પ્રેમથી સમજાવે છે. ક્યારેક મા ગુસ્સે થઈ તેને શિક્ષા પણ કરે છે. પરંતુ રડતું રડતું બાળક માની સાડીનો જ પાલવ પકડે છે; તે જ માનો બાળક માટેનો પ્રેમ બતાવે છે. શિક્ષા કરનારી માતા જ તેને શાંત કરી શકે છે. બાળક માટે માતાના હૃદયમાં અનહદ પ્રેમ હોય છે.

માના પ્રેમમાં જરાય સ્વાર્થ હોતો નથી. એની તો એક જ ઇચ્છા હોય છે કે, 'મારું બાળક સુખી થાય.' પોતાનું બાળક મંદ બુદ્ધિનું હોય, અપંગ હોય કે અંધ હોય, તેથી બાળક માટેના માના પ્રેમમાં જરાય ફરક પડતો નથી. તેવા બાળક માટે તેને વિશેષ લાગણી હોય છે. આથી જ કવિએ કહ્યું છે :

"જનનીની જોડ સખી નહિ જડે રે લોલ."

મહાપુરુષોના જીવનઘડતરમાં તેમની માતાઓનો ઘણો મોટો ફાળો રહ્યો છે. મા બાળકને જે સંસ્કાર આપી શકે છે તે બીજા પાસેથી ભાગ્યે જ મળે. એટલે જ કહેવાયું છે કે એક સંસ્કારી મા સો શિક્ષકો કરતાં પણ ચડિયાતી છે. શિવાજીના ઘડતરમાં તેમની મા જીજાબાઈનો વિશેષ ફાળો હતો. એક કવિએ કહ્યું છે : 'જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે.'

માના ઉપકારનો બદલો આપણે વાળી શકીએ તેમ નથી. માની સેવા ઈશ્વરની સેવા સમજીએ અને તેના ઘડપણમાં તેની સેવા કરી તેના મૂંગા આશિષ મેળવીએ.

# 1 પ્રકૃતિનું સૌંદર્ય

| | |
|---|---|
| હેતુ<br>Objectives | • બાળકોમાં પ્રકૃતિ પ્રત્યે જિજ્ઞાસા કેળવવી. • પ્રકૃતિ પ્રેમની ભાવના જગાડવી.<br>• પ્રકૃતિની સુંદરતા તરફ ધ્યાન આકર્ષિત કરવું. • કવિતાનું લયયુક્ત પઠન કરવું. |
| સહાયક સામગ્રી<br>Support material | • પાઠ્ય પુસ્તક • અભ્યાસપત્ર • ઈ-બુક એનિમેશન સહિત<br>• ટેસ્ટ જનરેટર • વેબ સપોર્ટ શ્યામફલક • ચૉક. |
| પાઠની તૈયારી<br>Generate interest | • 'આવો જાણીએ' શીર્ષકમાં અપાયેલ બાબતની ચર્ચા કરવી. પાઠ્ય પુસ્તકમાં અપાયેલ ચિત્ર વિશે વાતચીત કરવી. કવિતા વિશે સરળ પ્રશ્નો પૂછવા-જેમ કે, તારાઓ કયા પ્રકારના દેખાય છે ? પર્વત કયા પ્રકારના દેખાય છે ? ઈન્દ્રધનુષમાં કેટલા અને કયા-કયા રંગ હોય છે ? આ બધાને બનાવનાર કોણ છે ?<br>• પહાડો, નદીઓ, ઝરણાંઓના નામ સાથે પૂછવું કે, આ બધા સુંદર શા માટે લાગે છે ? • પ્રવૃત્તિ-બાળકો પાસે, કુદરતી દશ્યનું ચિત્ર બનાવવું અને તેમાં રંગ પૂરાવવા. કહેવું-બાળકો, આજે આપણે આપણી પ્રકૃતિના તત્વો વિશે કાવ્ય ભણીશું. |
| વાચન/પઠન/શ્રવણ<br>Speaking/reading/listening | • સંપૂર્ણ હાવ-ભાવ સાથે લયપૂર્ણ સ્વરમાં કવિતા સ્વયં વાંચવી.<br>• સીડીમાંથી એનિમેશન બતાવવું. • બાળકો પાસે કાવ્ય બોલાવવું.<br>• અનુસ્વારવાળા શબ્દો પર વધુ ધ્યાન દેવું. • બાળકોને કાવ્ય યાદ કરાવવું. |
| શબ્દ પરિચય<br>Vocabulary | • કાવ્યમાં અને કાવ્યના અભ્યાસમાં અપાયેલ શબ્દોના અર્થ જણાવવા. અન્ય નવીન શબ્દોનું જ્ઞાન કરાવવું. જેમ કે પુષ્પ-ફૂલ, કુસુમ, ન્યારું-અનોખું.<br>• અનુસ્વારવાળા શબ્દો, પર્યાય શબ્દોનો અભ્યાસ, અઘરા શબ્દોનો વાક્યમાં પ્રયોગ શ્રુતલેખન-યોગ્ય ભૂલ સુધારણા. |
| મૌખિક/લિખિત/અભિવ્યક્તિ<br>Oral/written expression | • મૌખિક પ્રશ્નોના બોલીને અને લિખિત પ્રશ્નોને પહેલાં મૌખિક અને પછી લિખિત સ્વરૂપે વ્યક્ત કરવા.<br>• ભાષા સંબંધી અભ્યાસ-સમાનાર્થી, ક્રિયા, અનુસ્વારવાળા શબ્દોનો અભ્યાસ વેબસપોર્ટ, ટેસ્ટ જનરેટર, અભ્યાસ પત્રનો ઉપયોગ. |
| રચનાત્મક પ્રવૃત્તિઓ<br>Creative activities | • કાવ્ય યાદ કરીને સંભળાવવું.<br>• ચર્ચા કરવી. રંગો વિશે માહિતી આપવી. ઈન્ટરનેટના માધ્યમથી વિશેષ જાણકારી પ્રાપ્ત કરવી. |

## અભ્યાસ

### સ્વાધ્યાય

મૌખિક

પ્ર.૧ તમસ કોણ દૂર કરે છે ?

જ.૧ સૂર્યનો પ્રકાશ તમસને દૂર કરે છે.

પ્ર.૨ ઝિલમિલ કોણ ઝબૂકે છે ?

જ.૨ તારલાઓ ઝિલમિલ ઝબૂકે છે.

**પ્ર.૩ પ્રકૃતિને કોણ નિખારે છે ?**

જ.૩ નદીઓ, ઝરણાંઓ, ફળો, ફૂલો પ્રકૃતિને નિખારે છે.

**પ્ર.૪ દુનિયા આપણને કેવી લાગે છે ?**

જ.૪ દુનિયા આપણને સદા હસતી અને પ્યારી લાગે છે. પ્રકૃતિ પોતાના રૂપ-રંગમાં સર્વેને મોહિત કરે છે.

## લિખિત

૧. **પ્ર.૧ ધરતી કઈ રીતે ગુંજી ઊઠે છે ?**

જ.૧ પક્ષીઓના મીઠા કલરવથી ધરતી ગુંજી ઉઠે છે.

**પ્ર.૨ સૂર્ય, ચંદ્ર, તારા, નદી, ઝરણાં અને પુષ્પો પ્રકૃતિને કઈ રીતે સૌંદર્ય બક્ષે છે ?**

જ.૨ સૂર્યપોતાના પ્રકાશથી ચંદ્ર પોતાની લાલિમાથી, તારાઓ ઝબૂકીને, નદીઓ, ઝરણાંઓ વહીને, પુષ્પો ખીલીને પ્રકતિને સૌંદર્ય બક્ષે છે.

**પ્ર.૩ વૃક્ષો અને પર્વતો કઈ રીતે કુદરતને સુંદરતા બક્ષે છે ?**

જ.૩ વૃક્ષોની લત્તાઓ ચોતરફ છવાઈને અને પર્વતો પોતાની ઉંચાઈથી આકાશને ચૂમીને કુદરતને સુંદરતા બક્ષે છે.

**પ્ર.૪ પ્રકૃતિ સદા હસતી રહે છે - એમ શા માટે કહેવામાં આવ્યું છે ?**

જ.૪ પ્રકૃતિની સુષમા તેને સદાય હસતી રાખે છે. તેથી એમ કહેવામાં આવ્યું છે કે પ્રકૃતિ સદા હસતી રહે છે.

૨. **નીચેની પંક્તિઓના અર્થ લખો.**

૧. ચંદ્રમાની ખીલી લાલિમા.

······ચંદ્રમાની··સુંદરતા··ચોતરફ··ખીલીને··ચાંદનીને··પહોંચાડે··છે.······

૨. ટમટમ્યા તારલા, લીલા પીળા રાતા.

······તારલાઓ રાત્રિના સમયે ઝબૂકીને લીલા, પીળા અને રાતા રંગની ભાત ઉભી કરે છે.······

૩. ઈન્દ્રધનુષી રંગોથી થતી ધરા નવનિત.

······સૂર્યના··પ્રકાશથી,··ચંદ્રની··લાલિમાથી,··તારાઓની··રંગબેરંગી··ભાતથી,··વિવિધ ફૂલો·· ફળોના ··રંગોથી··જાણે··ધરતી··ઈન્દ્રધનુષી··રંગોથી··રંગાઈ··હોય તેવું··લાગે··છે.······

**મૂલ્યવર્ધક પ્રશ્ન.**

જ. પ્રકૃતિને સુંદર બનાવવા માટે આપણે કચરાને આમ તેમ ફેકંવાને બદલે કચરાપેટીમાં ફેંકીએ, અધિકથી અધિક વૃક્ષોને વાવીએ, જલ પ્રદૂષણ અને વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરીએ.



7

૧. પ્રકૃતિના રંગ '''નિખરે''' છે. ૨. ઝરણાં [illegible]

૩. વૃક્ષો '''ઝૂમે''' છે. ૪. ધરતી '''ગુંજે''' છે.

૩. કવિતામાં આવેલ અનુસ્વાર શબ્દો શોધીને લખો.

અનુસ્વાર = '''રંગ''', '''ચંદ્રમા''', '''ઊંચા''', '''ગુંજવું''', '''નવું'''

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

૧. વિદ્યાર્થીઓ સ્વયં કરે ૨. વિદ્યાર્થીઓ સ્વયં કરે ૩. વિદ્યાર્થીઓ સ્વયં કરે

**સવિશેષ**

ઈન્ટરનેટનો ઉપયોગ કરીને ફૂલોની ઘાટી ઉદ્યાન વિશે માહિતી મેળવે.

# 2 હીરકણી – એક માતાની સાહસકથા

| | |
|---|---|
| હેતુ<br>**Objectives** | • જીવનમાં સાહસનું મહત્વ સમજે.<br>• ન્યાય, સત્ય, વાત્સલ્ય, લાગણી વગેરે જેવા ભાવોને સમજે.<br>• માતાના ગુણોને જાણશે.<br>• બાળકના ઉછેરમાં માતાના યોગદાનને સમજે.<br>• 'માતૃદેવો ભવ' ઉક્તિનો અર્થ સમજે.<br>• ઈતિહાસથી પરિચિત થાય. |

**પાઠનો સારાંશ:**

આ વાર્તા મરાઠી લોકકથાનો અનુવાદ છે. આ વાર્તામાં હીરકણીના અદમ્ય સાહસ ની વાત છે. માતૃશક્તિને આધારે માતા સમસ્ત સંકટોનો સામનો કરી શકે છે. હીરકણી શિવાજી મહારાજના કિલ્લામાં દૂધ વેચવા માટે જાય છે અને સાંજ પડતાં દ્વારપાળો દ્વાર બંધ કરી દે છે. હીરકણીની અનેક વિનંતીઓ કરવા છતાં દ્વારપાળો દ્વાર ખોલતા નથી આખરે હીરકણી કિલ્લાની બાહર જવા માટે અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પહાડ ઉતરે છે અને પોતાના બાળકને મળે છે. બીજા દિવસે શિવાજી મહારાજને વાતની ખબર પડતાં હીરકણીનું સન્માન કરે છે.

## અભ્યાસ

### સ્વાધ્યાય

મૌખિક

**પ્ર.૧ મહારાજ શિવાજીનો કિલ્લો કઈ પર્વતમાળામાં સ્થિત હતો ?**

જ.૧ મહારાજ શિવાજીનો કિલ્લો સહ્યાદ્રી પર્વતમાળામાં સ્થિત હતો.

**પ્ર.૨ હીરકણીના પરિવારમાં કોણ કોણ હતું ?**

જ.૨ હીરકણીના પરિવારમાં વૃદ્ધ સાસુમાં, પતિ અને નાનો દીકરો બાલ્યા હતો.

**પ્ર.૩ હીરકણી કિલ્લામાં શું વેચવા જતી હતી ?**

જ.૩ હીરકણી કિલ્લામાં દૂધ વેચવા જતી હતી.

લિખિત

૧. **પ્ર.૧. શિવાજી મહારાજના રાયગઢ કિલ્લામાં કેવી રીતે વેપારીઓને પ્રવેશ અપાતો હતો ?**

જ. ૧. રાયગઢ કિલ્લાના દ્વારપાળો શિવાજી મહારાજના આદેશ મુજબ દરેક વેપારીઓના સામાનની તપાસ કરતાં અને ત્યારબાદ જ કિલ્લામાં પ્રવેશ આપતા હતા.

**પ્ર.૨. હીરકણી કેમ સમયનું ભાન ભૂલી ગઈ અને તેનું શું પરિણામ આવ્યું ?**

જ.૨. કિલ્લાની અંદર 'કોજાગિરિ' ઉત્સવની ઉજવણી ચાલી રહી હતી જ્યાં કલાકારો અવનવાં કરતબો પ્રસ્તુત કરી રહ્યા હતા. આ જોવામાં હીરકણી સમયનું ભાન ભૂલી ગઈ અને પરિણામે દ્વારપાળોએ કિલ્લાનો પ્રવેશદ્વાર બંધ કરી દીધો.

**પ્ર.૩. દ્વારપાળોએ હીરકણીને શું સલાહ આપી ?**

જ.૩. દ્વારપાળોએ હીરકણીને કહ્યું કે મહારાજના આદેશ વગર આ દરવાજો ખુલશે નહીં માટે કોઈ સંબંધીને ઘરે રાત રોકાઈને સવારે ઘરે જતાં રહેજો.

**પ્ર.૪. હીરકણીએ કઈ રીતે કિલ્લાથી બહાર જવાનું શૌર્ય કર્યું ?**

જ.૪. હીરકણીએ પોતાના પુત્રની ચિંતામાં કિલ્લાની પાછળની દીવાલ બાજુ જઈને પાછળથી પહાડ

પરથી જીવના જોખમે ઉતરે છે.

**પ્ર.પ. શિવાજી મહારાજએ કઈ રીતે હીરકણીના સાહસના વખાણ કર્યા ?**

જ.પ. શિવાજી મહારાજે હીરકણીને શાબાશી આપતા કહ્યું કે, હીરકણીમા રહેલી માતૃશક્તિએ રહેલી માતૃશક્તિએ એક અદમ્ય સાહસ કરાવ્યું છે.જે પહાડી હીરકણી જીવના જોખમે ઉતરે છે ત્યાં શિવાજી મહારાજ એક દિવાલ બનાવવાનો આદેશ આપે છે અને આ દિવાલને 'હીરકણી બુર્જ' નામ આપવામાં આવે છે.

**૨. નીચે આપેલ શબ્દ પરથી વાક્ય બનાવો .**

**૧. પરાક્રમ :** મેળામાં કલાકારો વિવિધ પરાક્રમો કરીને મનોરંજન કરે છે.

૨. હુકમ : શિવાજી મહારાજનો હુકમ સૈનિકો માને છે.

૩. રાજધાની : ભારતની રાજધાની દિલ્હી છે.

૪. ડુંગર : રામનગર ગામ પાસે અનેક ડુંગર આવેલાં છે.

૫. ભરવાડણ : હીરકણી એ એક ભરવાડણ હતી.

**૩. નીચે આપેલ વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

૧. હીરકણી ફૂલો વેચવા માટે કિલ્લામાં જતી હતી. ☒

૨. કલાકારોનું કરતબ જોવામાં હીરકણી સમયનું ભાન ભૂલી ગઈ. ☑

૩. દ્વારપાળોએ હીરકણીની અડધી રાતે દરવાજો ખોલીને જવા દીધી.☒

૪. શિવાજી મહારાજે હીરકણીને દંડ આપ્યો.☒

૫. "હીરકણી બુર્જ " નામની દિવાલ શિવાજી મહારાજે બનાવડાવી હતી. ☑

## ભાષાજ્ઞાન

**૧.આ શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

બાહર × અંદર

ડરપોક × નીડર

સુરક્ષિત × અસુરક્ષિત

સૂર્યાસ્ત × સૂર્યોદય

તળેટી × શિખર

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

૧. માતા સાથેની સુંદર ક્ષણોના ફોટોના કોલાજ બનાવીને પોતાના કક્ષમાં લગાવો. (સ્વયં કરશે.)

૨. દરેક વિદ્યાર્થી પોતાની માતાને આભાર પત્ર લખીને આશીર્વાદ મેળવે. (સ્વયં કરશે)

( એક કાગળ લઈને માતા પ્રત્યે પોતાની લાગણી વ્યક્ત કરીને આભાર પત્ર લખશે અને માતાને આપશે